R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( ) ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ, નારાયણનગર
પાલડી, અમદાવાદ-૭

ESTD.YEAR- 19•ISSUE: 21/22 DATE: 30-05-2015•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## વિદેશમાં કાળા નાણાં,સંપત્તિ પર લગામ કરતો ખરડો રાજ્યસભામાં પસાર થયો



સંસદના બજેટ સત્રમાં મહત્વના ખરડા પસાર કરાવવામાં વિપક્ષના ઉગ્ર વિરોધનો સામનો કરી રહેલ એનડીએની સરકારને સત્રના છેલ્લા દિવસે રાજયસભામાં કોગ્રેસના જોરદાર વિરોધ છતાં કાળા નાણાંનો ખરડો પસાર કરાવવામાં સફળતા મળી હતી.આ સાથે જ વિદેશમાં કાળા નાણાં અને સપંત્તિ ધરાવતા કરચોરો સામે આકરી કાયદાકીય જોગવાઇ કરતાં કાળા નાણાંના ખરડાને લોકસભા અને રાજયસભા એમ બંને ગૃહોમાં મંજુરી મળી ગઇ હતી.

હવે ખરડો રાષ્ટ્રપતિની મંજુરી માટે મોકલી અપાશે.ભારતીય નાગરિકોને હવે આરોપ સાબિત થયે ૧૦ વર્ષ સુધીની આકરી કેદ થશે તે ઉપરાંત કાયદામાં જપ્ત કરાયેલ આવક અને સંપત્તિ પર ૩૦૦ ટકા કરવેરો વસુલવાની જોગવાઇ છે.નાણાંમંત્રી જેટલીએ જણાવ્યુ હતું કે આ કાયદાથી વિદ્યાર્થીઓ અને વ્યવસાયીઓએ ગભરાવાની જરુર નથી. વર્ષમાં ઓછામાં ઓછા ૧૯૨ દિવસ સ્વદેશમાં રહેતા અને વિદેશી ખાતામાં પાંચ લાખ રુપીયાથી વધુ રકમ ધરાવતા ભારતીય નાગરિક પર જ કાળા નાણાં કાયદો લાગુ પડશે.

રાજ્યસભામાં કાળા નાણાં ખરડા પર ચર્ચા દરમિયાન કટ્ટર વિરોધી એવા સીપીએમ અને તુણમુલ કોગ્રેસ એકજુથ થયા હતા અને બ્લેક મની શબ્દ રંગભેદ સુચવતો શબ્દ હોવાનો આરોપ મુક્યો હતો.બંને પાર્ટીના સાંસદોએ બ્લેક મનીને સ્થાને ડર્ટી મની શબ્દનો ઉપયોગ કરવા માંગ કરી હતી.

## પાકિસ્તાનમાં ઇસ્માઇલી શિયા સમુદાયના લોકોની તહરિકે તાલિબાને ઠાર માર્યા

પાકિસ્તાનના કરાંચી શહેરમાં ઇસ્માઇલી શિયા સમુદાયના પ્રવાસીઓની એક બસને આંતરીને આતંકવાદીઓએ તેમાં બેઠેલા પ્રવાસીઓ પૈકી ૧૬ મહિલાઓ સહિત ઓછામાં ઓછા ૪૭ લોકોની ગોળી મારી હત્યા કરી હતી. જ્યારે અન્ય ૨૦ને ગંભીર ઈજાઓ પહોચી હતી.

સિંધ પ્રાંતના પોલીસ ઇન્સપેક્ટર જનરલ ગુલામહૈદર જમાલીના જણાવ્યા મુજબ ઇસ્માઇલી શિયા સમુદાયના ૬૦ થી વધુ શ્રધ્ધાળુઓ આયશા મંઝિલ ખાતે આવેલા ધાર્મિક સ્થળની મુલાકાતે જઇ રહ્યા હતા.ત્યારે મોટર સાઇકલ પર સવાર આતંકવાદીઓ પોલીસના ગણવેશમાં આવીને બસમાં ઘુસીને પ્રવાસીઓ પર ગોળીઓ ચલાવી હતી.છેલ્લા બે વર્ષમાં ઓછામાં ઓછા એક હજાર શિયાઓને મોતને ઘાટ ઉતારવમાં આવ્યા છે.આ હુમલા માટે બે આંતકી સંગઠને દાવો કર્યો હતો. ઘટનાસ્થળેથી હુમલાની જવાબદારી સ્વીકારતાં ઇસ્લામિક સંગઠનના ચોપાનિયા મળ્યા હતા. જ્યારે બીજી તરફ તહરીકે પાકિસ્તાન તાલીબાને હુમલાની જવાબદારી સ્વીકારી હતી. ઇસ્માઇલી સમુદાયના આધ્યાત્મિક નેતા હિઝ હાઇનેસ આગાખાને ઘટના બાબતે દુઃખ વ્યક્ત કર્યુ હતું અને આવા કાયરતાપુર્વકના કાર્યને વખોડી કાઢ્યું હતું.

## એનડીએની સરકારે મલ્ટિબ્રાંડ રીટેલમાં ૫૧ ટકા એફડીઆઇને મંજુરી આપી

રિટેલમાં એફડીઆઇ પર યુપીએ સરકારના નિર્ણયને ભાજપાએ ભરપુર વિરોધ કર્યો હતો.મોદી સરકારે મોટો યુ-ટર્ન લઇને યુપીએ સરકારનો મલ્ટિબ્રાંડ રિટેલમાં ૫૧ ટકા એફડીઆઇના નિર્ણયને ચાલુ રાખ્યો છે.ભાજપે મલ્ટીબ્રાંડ રિટેલમાં વિદેશી રોકાણનો પુરજોસથી વિરોધ કર્યો હતો.

હવે જ્યારે તેઓ સત્તા પર આવ્યા ત્યારે તેમણે તેજ નિર્ણયને સ્વીકૃતિ આપી આશ્ચર્ય પેદા કર્યુ છે.ઓદ્યોગિક નીતિ અને પ્રોત્સાહન વિભાગે એફડીઆઇ પર એક દસ્તાવેજ જાહેર કર્યો હતો.જેમાં વિદેશી રોકાણને ચાલુ રાખવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.આ દસ્તાવેજમાં તે બધાજ ફેરફારો સામેલ છે જે ગત વર્ષોમાં ભારતની એફડીઆઇ પોલીસીમાં કરવામાં આવ્યા હતા.

આ ફેરફારોમાં રેલવે,સંરક્ષણ, ચિકિત્સા ઉપકરણ, વીમા અને નિર્માણમાં આપવામાં આવેલી છુટનો સમાવેશ થાય છે. ૧૧૯ પેજના આ દસ્તાવેજમાં રોકાણકારો માટેની પોલીસીને સરળ બનાવાઇ છે. ડીઆઇપીપી એફડીઆઇ પોલીસીની નોડલ એજન્સી છે.

સંરક્ષણ ક્ષેત્રમાં એફડીઆઇને ૨૬ ટકાથી વધારીને ૪૯ ટકા કરવામાં આવી છે.આ કેટલાક મામલે ૧૦૦ટકા થઇ શકે છે.

એફડીઆઇ પોલીસીમાં થતા ફેરફારોને પહેલા પ્રેસ વિજ્ઞપ્તિઓથી સુચિત કરવામાં આવતી હતી. યુપીએ એ એક વર્ષમાં બે વાર આ ફેરફારોને એક દસ્તાવેજમાં જાહેર કરવાની પરંપરા શરુ કરી હતી.

નવી એનડીએની સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ આ વર્ષનો પહેલો દસ્તાવેજ છે.

## અમેરિકામાં ઇમીગ્રેશનના વધારાને કારણે હિંદુઓની વસ્તીમાં વધારો થયો

છેલ્લા સાત વર્ષમાં અમેરિકામાં વસતા હિંદુઓની સંખ્યામાં ૧૦ લાખનો વધારો થયો છે. ઇમીગ્રેશનમાં થયેલા વધારાને પગલે અમેરિકામાં હિંદુઓની સંખ્યા ૨૨.૩ લાખ પહોચી ગઇ છે.વર્ષ ૨૦૦૭ થી અત્યાર સુધીમાં ૧૦ લાખ અથવા તો ૮૫.૮ટકાનો વધારો નોધાયો છે.હિંદુઓની સંખ્યામાં વધારાને પગલે અમેરિકામાં હિંદુ ધર્મ ચોથો સૌથી મોટો ધર્મ બની ગયો છે.

પ્યુ રીસર્ચ સેન્ટરનો રીલીજીયસ લેન્ડસ્કેપ સ્ટડી જાહેર થયો હતો.જે મુજબ યુએસની જનસંખ્યામાં હિંદુઓની વસતી ૨૦૦૭ થી ૨૦૧૪ દરમિયાન ૦.૪ ટકાથી વધીને ૦.૭ ટકા થઇ છે.ઉલ્લેખનીય છે કે આ અભ્યાસમાં આઇએનએસ દ્વારા રિપોર્ટમાં દર્શાવવામાં આવેલા જનસંખ્યાની હિસ્સેદારી અને વસતીનું પ્રોજેક્શન દર્શાવે છે કે વર્ષ ૨૦૦૭માં અમેરિકામાં કુલ વસ્તી ૩૦,૧૨ કરોડમાં હિંદુઓની વસતી ૧૨ લાખ હતી જે ૨૦૧૪માં અમેરિકાની કુલ વસતી ૩૧.૮૮ કરોડમાં ૨૨.૩ લાખ સુધી પહોચી ગઇ છે.

પ્યુના રિપોર્ટ મુજબ અમેરિકામાં હિંદુઓ અન્ય કોઇ પણ ધાર્મિક સમુદાયોની સરખામણીમાં સૌથી વધુ શિક્ષણ અને આવક ધરાવતો સમુદાય છે.અહીં વસતા હિંદુઓમાંથી ૩૬ ટકા કુટુંબોની વાર્ષિક આવક ૧ લાખ યુ.એસ ડોલરને આંબી ગઇ છે.અમેરિકાની કુલ વસતીના ૨૭ ટકા લોકો સ્નાતકની ડીગ્રી ધરાવે છે. જેની સરખામણીએ ૭૭ ટકા હિંદુઓ સ્નાતક અને ૪૮ ટકા અનુ સ્નાતકની ડીગ્રી ધરાવે છે.

## અયોધ્યામાં સરકારની કે ભાજપની મદદ વિના સંતો જાતે મંદિર બનાવશે : શંકરાચાર્ય સ્વરુપાનંદ સરસ્વતી

દ્વારકાના શંકરાચાર્ય સ્વરુપાનંદ સરસ્વતીએ રામ મંદિર અંગે નવી ચર્ચા ઉભી કરી હતી. તેમણે કહ્યું હતું કે અયોધ્યામાં ભગવાન રામનું મંદિર બનાવવા ભાજપ કે સરકારની મદદ વિના અમે જાતે મંદિર બનાવીશું.ભાજપને તેમણે મંદિરની વાતો બંધ કરવા કહ્યું હતું.તેમણે કહ્યું હતું કે અમે હાથ જોડીને આપને કહીએ છીએ કે રામ જન્મભુમિના મુદ્દે તેઓ વાતો બંધ કરે.જો સુપ્રીમ કોર્ટનો ચુકાદો તેમની તરફેણમાં આવશે તો રાજકીય મદદ વિના તેઓ જાતે રામમંદિર બનાવશે.કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહની રાજસભામાં બહુમતીના અભાવે સરકાર રામમંદિર માટે કાયદો બનાવી શકતી નથી તે બાબતે ટીપણી હતી.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

મોદી સરકારની એક વર્ષની કામગીરીની ઉજવણી કરવાની સાથે બોયસેગની ૧૬નવી ટીવી ચેનલોનું લોન્ચીંગ થશે. ૨૬મી જાન્યુઆરીએ ગાંધીનગર ખાતે ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને ભારત સરકારના નાણાંમંત્રી અરુણ જેટલી ગુજરાત સરકારની ૨૪ કલાકના ટીવી પ્રસારણ સેવાના કાર્યક્રમોનો આરંભ કરાવશે.રાજ્ય સરકારની નોડલ એજન્સી ભાસ્કરાચાર્ય ઈન્સ્ટિટ્યુટ ફોર સ્પેસ એપ્લીકેશન એન્ડ જીઓ ઈન્ફોમેટીસ-બાયસેંગ દ્વારા સંચાલિત ટીવી ચેનલો માટે ભારત સરકારના અંતરિક્ષ વિભાગે દુરદર્શનના સેટેલાઈટનો ઉપયોગ કરવાની મંજુરીઓ આપી દીધી છે.

ગુજરાત સરકારના સુત્રોના જણાવ્યા મુજબ અત્યારે ૧૬ માંથી ૧૦ ચેનલ સાયન્સ, ટેકનોલોજી,ગણિત સહિતનું શિક્ષણ,આરોગ્ય તબીબી અને ટેકનિકલ શિક્ષણ સહિત લોકકેળવણી માટે ફાળવવામાં આવી છે.જ્યારે બાકીની ચેનલ ગુજરાત અને ભારત સરકારની અલગ અલગ ભરતીઓ માટેની સ્પર્ધાત્મક પરિક્ષાઓ માટે યુવાનોને પધ્ધતિસરનું ટ્યુશન આપશે. જેમાં રાજ્યના આઈએએશ,આઈપીએસ ઓફિસરો સહિતના તજજ્ઞો પણ જોડવામાં આવશે.આ જ ચેનલનો ઉપયોગ રાજ્યના સરકારી કર્મચારીઓ,અધિકારીઓની તાલિમ માટે પણ થશે. હવામાન,કૃષિ આવિષ્કાર, દુનિયામાં આવી રહેલા બદલાવને જાણવા માંગતા નાગરિકોને આવરી લેતા કાર્યક્રમો માટે એક ચેનલની ફાળવણી કરાઈ છે.જ્યારે બાકીની ૪ ચેનલો સરકારના અલગ અલગ વિભાગો જરુરીયાતના સમયે ઉપયોગ કરી શકશે.

જો કે આ બધીજ ચેનલોમાં પ્રસારિત થનાર કાર્યક્રમો દ્વારા ગુજરાતના યુવાધનને વધુ લાભ મળી શકશે. તેમના માટે ઉચ્ચ શિક્ષણ,વ્યવસાય,નોકરી વિગેરે માટેની તકો વધુ ખુલશે.પરંતુ માત્ર ચેનલોની જાહેરાતો કરવાથી ફર્ક નહી પડે તે માટે સરકારે તથા  તે સાથે સંકળાયેલ વિભાગોએ ભારે જહેમત ઉઠવવી પડશે તો બીજા દશ વર્ષોમાં તેના ફળ મેળવી શકાશે.સૌથી વધુ ગુજરાતના યુવાનોને તૈયાર કરવા માટે અંગ્રેજીમાં સારુ શિક્ષણ મળી શકે અને તમાં તૈયાર થાય તો બીજા ઉચ્ચ શિક્ષણમાં તેઓ તેનો લાભ મેળવી શકે.શિક્ષણને હજુ પણ વ્યવસાયલક્ષી ,સરળ અને સોધુ બનાવાય તો વિકાસનો અર્થ જળવાશે.

અનું. પાન નં. ૪ ઉપરનું ચાલુ

જાળવી રાખવો

રોકાણકારની નિર્ણય લેવાની પ્રક્રિયામાં ભાગીદાર બનવુ.  ઉપરોકત બાબતોને ધ્યાનમાં લઈને સલાહકારનું મુખ્ય કામ રોકાણની બાબતમાં યોગ્ય દિશા ચીંધવાનું જ છે.રોકાણકારની નિર્ણય લેવાની પ્રક્રિયામાં સલાહકાર ભાગીદાર બનતો હોવા છતાં છેવટનો નિર્ણય લેવાની સત્તા અને જવાબદારી તો જે તે રોકાણકારના હાથમાં જ રહેલી છે.

આમ ઝીલ ઈન્વેસ્ટમેન્ટસના સલાહકાર શ્રી સંજય ડોડીયાની ક્ષમતા અને આવડત પર વિશ્વાસ રાખીને આપ સહુએ એસઆઈપીમાં લાંબા ગાળાના નિર્ણયને ટકાવી રાખ્યો છે આથી એમને મળેલ બહુમાનના સાચા હકદાર તો છેવટે તમેજ છો.

આ બહુમાન મેળવવા બદલ આપ સહુને અભિનંદન


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિધાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# સાવધાની રાખવાથી ઓછા દુ:ખી થવાય

સળગતા અગ્નિથી દુર રહેવું.ધસમસતા પાણીમાં જવું નહીં.જ્યાં અનિષ્ટ કાર્યો થતાં હોય ત્યાંથી સો ગાઉ છેટા રહેવું.

સાવધાન રહો, તો ખરાબ પરિસ્થિતિમાંથી બચી શકશો. જે સાવધાની રાખે છે એને ઓછું સહન કરવું પડે છે. આપણને ખબર હોય કે સામે ખાડો છે, તો ફરીને જવું જોઈએ. એના બદલે સીધાજ જઈએ તો ? સળગતા દીવાની જ્યોતમાં પતગિયું આંધળુકીયા કરીને મરે છે.જો થોડી પણ સાવધાની હોય તો આપણે બચી શકીએ છીએ.જીવતો નર ભદ્રા પામે એ ન્યાયે જો આપણે સાવધ હોઈએ તો આંચ આવશે નહીં. સાવધાની રાખવાથી ઓછા દુ:ખી થવાય છે.કેટલાક લોકો જીવનની ઘરેડમાં તણાયા જ કરતા હોય છે. એના કારણે કોઈ પ્રગતિ કરી શકતા નથી. જીવનમાં જો થોડીક સાવધાની રાખીએ તો આપણો રાહ આપણે જ બદલી શકીએ.સાવધાની એ જીવન જીવવાની ચાવી છે. ક્યાંક ઝેરી નાગ જતો હોય અને આપણે સાવધાની ના રાખીએ તો ?ક્યારેક વાધ જતો હોય અને આપણે સાવધાની ન રાખીએ તો ? ભરેલા તળાવમાં મગર હોય અને આપણે નહાવા પડીએ તો ? આ બધામાં સાવધાનીની જરુર પડે છે. ગુજરાતીમાં કહેવાય છે કે કુહાડી પોતાના પગ ઉપર ન મરાય. આપણા અંધકારમય જીવનમાં સાવધાની પ્રકાશનો પુંજ છે. દીવો છે, દીવો જ્યાં હોય એટલો વિસ્તાર અજવાળી શકે છે. એવી જ રીતે સાવધાની રાખવાથી કોઈ અનિષ્ટનો સ્પર્શ થઈ શકતો નથી. પણ જેને મરવું જ હોય એને કોઈ બચાવનાર નથી. સાવધાની રાખનાર માણસ દુ:ખી થતો નથી.એ ચોક્કસ છે.જીવનમાં ચડતી-પડતી આવ્યા જ કરતી હોય છે. છતાંય ચેતીને ચાલવું, જેથી ઓછું નુકશાન થાય. તમે ગાડી ચલાવતા હોય એ બેકાળજી રાખો તો શું થાય ? સાવધાનીપુર્વક ગાડી ચલાવીએ તો અકસ્માતનો ભય રહે નહીં. સાવધાની જીવન આપી શકે છે, અસાવધાની મોતને આમંત્રણ.

માણસ માત્ર ભુલને પાત્ર છે, પણ એક જે સભાનપણે ભુલ થાય. અને જે અભાનપણે ભુલ થાય તેમાં બે તફાવત છે.ઊંઘતા માણસને તમે જગાડી શકો છો,પણ જે જાગતો ઉંઘે છે એને જગાડી શકાતો નથી. જે સાવધાની રાખે છે એનાથી ભુલો ઓછી થાય છે.પણ જેને માત્ર ભુલો જ કરવી છે એને બચાવનાર કોઈ નથી. ઘણા લોકો ઘણી સાવધાની રાખે છે. એક ઉદ્યોગપતિ પોતાની પત્નિ સાથે પ્લેનમાં મુસાફરી ક્યારેય કરતા નથી.આપણે આ બાબતમાં હસવું આવે, પણ એ એમની સાવધાની ગણાય.ન કરે નારાયણ ને કંઈ થાય તો ? આપણે તો નસીબમાં માનનારા હોવાથી કહી શકીએ કે જે થવાનું હોય તે જ થાય છે.પણ જો સાવધાની રાખો તો, અણી ચુક્યો સો વરસ જીવે, એવી પણ પરિસ્થિતિ નિર્માણ થઈ શકે ને ? જે બુધ્ધિશાળી છે, સમજદાર છે, એનાથી ઓછી ભુલો થશે. સર્વેન્ટિસે કહ્યું છે : બુધ્ધિશાળી વ્યક્તિ પોતના બધાં ઈંડા કયારેય એક ટોપલીમાં નહીં રાખે. ધારો કે બધાજ ઈંડા એક સાથે રાખવામાં આવે તો ? આપણે જાણીએ છીએ કે એનાથી નુકશાન જ થવાનું છે.એને સાવધાની કહેવાય.આપણે જાણીએ છીએ કે જે હાથે દરવાજો ખોલીએ એ જ હાથે બંધ પણ કરવો જોઈએ. ઘણા લોકો એવા હોય છે એ તો માનતા હોય છે કે આપણા બાપનું શું જાય છે ? પણ એમને ખબર નથી કે આપણને જ નુકશાન થાય છે.પોતાના રાષ્ટ્ર પ્રત્યેની સાવધાનીનો અભાવ જણાય છે. આપણું એ સૌનુ છે અને સૌનું એ આપણું છે. એવા ભાવ સાથેની સાવધાની રાષ્ટ્રને તારે છે ભુલ થાય છે, પણ ભુલોની પરંપરા ન સર્જાય એની સાવધાની રાખવી જોઈએ

આપણે જાણતા હોઈએ કે ગરમ વસ્તુથી દાઝી જવાય,છતાંય એને પકડીએ તો બળાય જ. ન બળાય એની સાવધાની રાખવી જરુરી ગણાય છે.કન્ફયુશિયસે કહ્યું છે : સાવચેત વ્યક્તિ બહુધા ઓછી ભુલો કરે છે. સાવધ રહો અને સુખથી જીવો. આપણે અજાણ્યા વિસ્તારમાં જઈએ તો સરનામું તો પુછવું પડે કે નહી ?એમાં જો સાવધાની રાખીએ તો કયાંક અટવાઈ જઈએ. જીવનમાં ડગલે ને પગલે સાવધાની રાખવી જરુરી છે.તમે જે ક્ષેત્રમાં હોય, એમાં પણ સાવધાન ન રહો તો નુકશાન થવાનો ભય રહે છે.તમે વિદ્યાર્થી હોવ,ખેડુત હોવ, વેપારી હોવ,તમે જે કરો છો એ કાર્યમાં સાવધાની અત્યંત જરુરી છે. નહિતર પાછળથી પસ્તાવાનો  વારો આવતો હોય છે.સાવધાનીથી માણસ અધોગતિમાંથી બચી જતો હોય છેજે સમયે જે જરુરી હોય એનો ઉપયોગ કરવો જોઈએ. આગ લાગે ત્યારે કુવો ખોદવા બેસીએ તો  ? શું પરિણામ આવે ? આપણે કહીએ છીએ કે ઈશ્વરે દાંત આપ્યા છે તો ચાવણું પણ આપશે. હા જરુરથી આપશે, કારણ કે એણે સાવધાની રાખી જ છે. બાળક જન્મે એ પહેલાં દુધની વ્યવસ્થા એ કરતો જ હોય છે. આપણે જે કંઈ કરતાં હોઈએ, એનું આવતીકાલે શું પરિણામ આવશે એવી સાવધાની અત્યંત જરુરી છે.જેના કારણે કંઈ પણ આઘાપાછું હોય તો એને ઉપાય કરી શકાય. સરહદે લડતો સૈનિક ગાફેલ રહે તો ?  એણે તો સાવધાની રાખવી જ પડે.રાતના અંધારામાં ચાલનારા લોકો એકબીજાને કહેતા હોય છે, ચેતીને ચાલજો, એવી જ રીતે આપણા સંતો-મહંતો અને ઋષિમુનિઓએ આપણને કહ્યું છે :ચેતીને ચાલજો, સાવધાની એ જીવનની સીધી લીટી છે. વગર વિચાર્યે જે કરે તે પાછળથી પસ્તાય જ છે. એક સ્પેનીસ કહેવત છે : જોયા વગર કયારેય કોઈ વસ્તુનું પાન નકરો અને વાંચ્યા વગર ક્યારેય કોઈ સહી ન કરો. જોયા વિના કરીએ તો ? આ બધાના માઠા પરિણામ આવતાં હોય છે. તમે બુધ્ધિશાળી હોવ,મોટા જ્ઞાની હોવ,પણ તમારા કાર્યમાં તમે સાવધાની ન રાખો તો શું થાય ? વિકટર હ્યુગોએ કહ્યું છે : સાવધાની બુધ્ધિશાળીની સર્વજ્ઞ કરતાં મોટી બાલિકા છે. તમે સર્વજ્ઞ હોવ એ પુરતું નથી. તમારે સાવધ રહેવું એ પણ એટલું જ જરુરી છે.

ડૉ. કિશોરસિંહ સોલંકી
(સૌ. સંદેશ)

વિશ્વમાં જાઈન નદી એકમાત્ર નદી છે જ્યાં માછલીઓ જોવા મળતી નથી.

દક્ષિણ અમેરીકામાં મળી આવતું બિર્ટન પક્ષી વાઘની માફક અવાજ કાઢે છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨



ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# સુશાસનની દિશામાં અગ્રેસર ગતિશીલ ગુજરાત

## સર્વાંગી વિકાસમાં અગ્રેસર ગુજરાત

**લોકસંવાદ સેતુ કાર્યક્રમ : જેમાં તાલુકા,જિલ્લા અને રાજ્યકક્ષાએ કોઇપણ નાગરિક પોતાના પ્રશ્નો રજુ કરી શકે છે : પ્રજાના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ :તાલુકા કક્ષાએ મામલતદાર અને જિલ્લા કક્ષાએ કલેકટર કચેરીનો સંપર્ક કરવો : અત્યાર સુધીમાં ૧૩૨૯૬ પ્રશ્નોનું નિરાકરણ**

**વિકાસને વેગ આપતી નવી નીતીઓ જાહેર : નવી આઇટી નીતિ -નવી ઓર્ગેનિક ખેતી નીતિ- નવી ગોચર વિકાસ નીતિ -નવી ઇલેક્ટ્રોનિક્સ નીતિ-નવી ઇ-ગર્વનન્સ નીતિ**

**રાજ્યમાં પ્રથમવાર ૧.૭૫ કરોડ જેટલા ખાતેદાર ખેડુતોને ગામ નમુના નં ૭ અને ૮ ની નકલો પ્રતિવર્ષે એકવાર મળશે વિનામુલ્યે : તાલુકા કક્ષાએ મામલતદાર અને જિલ્લા કક્ષાએ કલેકટર કચેરીનો સંપર્ક કરવો.**

**નાગરિકોની સુવિધા માટે રૂ. ૧૦,૭૭૩ કરોડના ખર્ચે મેટ્રોરેલના પ્રથમ ફેઝનું કામ શરૂ.**

**આપત્તિના સમયે ત્વરિત એકશન : નિલોફર વાવાઝોડું, કમોસમી વરસાદ અને નેપાળ ભુકંપ, કાઠમંડુમાં બસ ખીણમાં પડી જવાની દુર્ઘટના સમયે રાજ્ય સરકારના સંવેદનાસભર પગલાં.**

**મુખ્યમંત્રી અમૃતમ યોજનાઃ બીપીએલ પરિવાર ઉપરાંત રૂ.૧.૨૦ લાખની વાર્ષિક આવક ધરાવતા રાજ્યના તમામ કુટુંબો આવરી લઇને સ્વાસ્થ કવચ પુરૂ પાડવાની માં વાત્સલ્ય યોજના : આ યોજનાનો લાભ મહિલા અને બાળ વિકાસ વિભાગ અને જિલ્લા સંકલિત બાળ વિકાસ અધિકારી કચેરી ખાતેથી મળશે.**

**સ્વચ્છ ભારત અભિયાનનું સફળ અમલીકરણ : જન સુખાકારી માટેની ઘનિષ્ઠ સફાઇ ઝુંબેશનને મળ્યું લોકસમર્થન : દેશભરમાં કુલ ૨,૭૦,૦૦૦ શૌચાલયો નિર્માણ, ગુજરાતમાં ૧,૬૫,૦૦૦ ઉપરાંત શૌચાલયો : વ્યકિતગત શૌચાલયો અને સામુહિક શૌચાલય યોજનાના લાભ માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી જ્યારે શહેરી વિસ્તારમાં નગરપાલિકા-મહાનગરપાલિકાનો સંપર્ક સાધવો.**

# ગતિશીલ ગુજરાત

# બાળ દિક્ષા બાબતે સરકારે ગંભીર બની જરુર જણાય તો કાયદો લાવવા પગલાં લે : હાઇકોર્ટ

જૈન સમુદાયમાં બાળકોને સંસાર ત્યાગીને દીક્ષા લેવાના મુદ્દે ગુજરાત હાઇકોર્ટે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. અને આ મુદ્દે સરકારને આદેશ આપ્યો છે કે માત્ર રાજ્ય સરકારે મુક વાલી બનીને જોવાનું નથી પરંતુ જરુર પડે તો આ બાબતે કાયદો લાવીને પગલાં લેવાના છે.મુંબઇ અને અમદાવાદમાં ફેલાવો ધરાવતા સન્માર્ગ નામના એક મેગેઝીનના પ્રકાશક રમેશભાઇ વોરા, જૈન મુનિ આચાર્યશ્રી કિર્તીયસુરિશ્વરજી મહારાજ સહિત છ વ્યક્તિઓ સામે જસ્મીનભાઇ શાહ નામના વ્યક્તિએ પહેલા મુંબઇ અને પછી અમદાવાદની અદાલતમાં ફરિયાદ કરી હતી. ફરિયાદમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે આચાર્યશ્રી બાળદિક્ષાને ઉત્તેજન આપે છે અને બાળકો નાની વયે સંસારનો ત્યાગ કરીને દીક્ષા લઇ લે તે માટે લલચાવે છે.૨૦૦૯માં સન્માર્ગ મેગેઝીનમાં કેન્દ્ર સરકારનો એક ખોટો પરિપત્ર છાપવામાં આવ્યો હતો તેમાં જણાવ્યુ હતું કે બાળકોને દિક્ષા આપવામાં આવે તો જુવેનાઇલ જસ્ટીસ એકટ લાગુ પડતો નથી. જો કે શાહે આરટીઆઇમાં અરજી કરતાં આ પરિપત્ર ખોટો હોવાનું માલુમ પડયું હતું.જેથી તેમણે કોર્ટમાં જૈન મુનિ સહીત છ વ્યક્તિ સામે ફરિયાદ નોધાવી હતી.અદાલતે આ તમામ સામે પ્રોસેસ ઇસ્યુ કર્યા હતા. આથી આ કાર્યવાહી રદ કરવા માટે હાઇકોર્ટમાં પીટીશન કરવામાં આવી હતી.

અરજદારો તરફથી એવી રજુઆત કરાઇ હતી કે તેમની સામે અદાલતે ખોટી રીતે કાર્યવાહી કરી છે.જ્યારે આઇપીસીની કલમ ૨૯૫ હેઠળ(ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોચાડવી)ફરીયાદ આવે ત્યારે સરકારની પુર્વ મંજુરી જરુરી છે.જજે તેમની વાત માન્ય રાખી હતી અને જ્યારે અન્ય કાયદા હેઠળ મેજીસ્ટ્રેટ પોતાની તપાસ ઝડપથી પુર્ણ કરે તેવો આદેશ આપ્યો હતો.

આ પીટીશનનો નિકાલ કરતાં જસ્ટીસ પારડીવાલાએ બાળકોની દીક્ષા બાબતે કેટલાક પ્રશ્નો ઉઠાવ્યા હતા.જ્યારે ફરિયાદીઓએ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારમાં આ પ્રશ્ન ઉઠાવ્યો ત્યારે સરકારોએ ચુપકીદી સેવી હતી.જસારે કેન્દ્ર સરકારન મહિલા અને બાળ કલ્યાણ વિભાગને ૨૦૧૨માં જાણકારી અપાઇ હતી કે બાળ દિક્ષાને મંજુરી આપતો ખોટો પરિપત્ર છપાયો છે ત્યારે કેન્દ્ર સરકારે કેમ પગલાં લીધા નથી.અને તપાસ કરી નથી.અદાલતે આ મુદ્દે અવલોકન કર્યુ કે આ મુદ્દો ઘણો જ ગંભીર છે.આઠ વર્ષનો બાળક કે બાળકી સંસારનો ત્યાગ કરીને દિક્ષા લે. આઠ વર્ષનો બાળક કે બાળકી તે પુખ્ત વય સુધી પહોચે ત્યાં સુધી સંસાર ત્યાગવાના પોતાના પગલાંના પરિણામો અંગે વિચારી શકે છે. કાચી વયના બાળકોને સંસારનો ત્યાગ કરીને શા માટે દીક્ષા લેવા ઉત્તેજન આપવામાં આવે છે.આ તેઓના ધાર્મિક લાભ માટે હોય છે કે પછી ધર્મ આવું કંઇ કહે છે કે ખરેખરમાં સમુદાયના બહોળા હિત માટે કરાય છે.

સરકારની ભુમિકા વિશે અદાલતે વધુમાં જણાવ્યું હતું કે જો વાલીઓ મંજુરી આપે તો પણ સરકાર અને અદાલતે મુક સાક્ષી બની રહેવું ના જોઇએ. સરકારે આવા કિસ્સાઓમાં વાલી તરીકેની ભુમિકા ભજવવી જોઇએ.જો બાળકને તેના કાયદેસરના વાલીથી વિખુટો પાડી દેવામા આવે તો સરકાર અને અદાલતની જવાબદારી છે કે બાળકના હિતોનુ રક્ષણ કરે.

બંધારણની કલમ ૨૧માં (જીવન જીવવાનો અધિકાર : બાળપણનો અધિકાર અપાયો છે.શું બાળપણનો અધિકાર અને ધાર્મિક સ્વાતંત્રતાના અધિકાર વચ્ચે સંઘર્ષ થાય છે.એક ન્યાયની અદાલત તરીકે હું ધાર્મિક ભાવનાનો નહીં પરંતુ કાયદાકીય બાબતથી નિસ્બત ધરાવું છું.જસ્ટીસ પારડીવાલાએ જણાવ્યુ હતું કે જુવેનાઇલ જસ્ટીસ એકટની સેકશન ૨૩માં બાળકની સાથે હિંસા માટે સજાની જોગવાઇ કરાઇ છે.તેના પ્રતાપથી બહાર આવવા માટે ખોટો પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. કે બાળ સાધુ કે સાધ્વી જુવેનાઇલ જસ્ટીસ એકટના દાયરામાં આવતા નીત તે ખુબજ વિચલિત કરનારી બાબત છે.

કેન્દ્ર સરકાર અને રાજય સરકારે આ મુદ્દો ખુબજ ગંભીરતાથી લેવો જોઇએ અને તેઓ યોગ્ય પગલાં લેશે તેવી આશા છે.જો જરુર પડે તો આ બાબતે કાયદો પણ લાવવો જોઇએ.કોર્ટે અંતમાં સ્પષ્ટ કર્યુ હતું કે ઉપરોકત અવલોકનો મુદ્દાની ગંભીરતાને ઉજાગર કરવા માટે કરાયા છે.આ અવલોકનોના પ્રભાવમાં આવ્યા બદલ અદાલતે અરજદારો(નીચલી કોર્ટના આરોપીઓ)સામે પુરાવાના આધારે કાર્યવાહી કરવી.



# મનીમાંથી મની...સફળતાના હકદાર તમે છો

નાણાં સચવાયેલા રહેશે તો એનું મુલ્ય ક્યારેય વધવાનું નથી. પરંતુ, જો મોંઘવારી અને અન્ય પરિબળોને ધ્યાનમાં લઇએ તો એ નાણાંનું વાસ્તવિક મુલ્ય ઉત્તરોત્તર ઘટતું જાય એવું બને ખરુ. આવું ન બને. નાણાંનું મુલ્ય જળવાઇ રહે અને જો શક્ય હોય તો મુલ્ય વધતું રહે એ ઇચ્છનીય છે. આ વાત ત્યારેજ શક્ય બને કે જ્યારે આ નાણાંનું યોગ્ય અને સમયસરનું આયોજન કરવામાં આવે. 'ઝીલ ઇન્વેસ્ટમેન્ટસ' આપના નાણાંનું વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક ઢબનું આયોજન કરવામાં મદદરુપ બનવા માટે હંમેશા તૈયાર અને તત્પર રહે છે.

સફળતાના હકદાર તમે છો.

દુબઇ ખાતે યોજાયેલ એક સમારંભમાં ભારતભરમાંથી આવેલા લગભગ સાડા ત્રણસો કરતાં વધારે પાર્ટનરર્સની હાજરીમાં વર્ષ ૨૦૧૪-૧૫માં પ્રુડન્ટ એડવાઇઝરી કંપની દ્વારા 'ઝીલ ઇન્વેસ્ટમેન્ટસ 'પરિવારના શ્રી સંજય ડોડિયાને 'બેસ્ટ એસઆઇપી પાર્ટનર પેનીટ્રેશન' તરીકેનો એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

પ્રુડન્ટ એડવાઇઝરી કંપની સમગ્ર વેસ્ટર્ન રીજીયનમાં સીએનબીસી આવાઝ દ્વારા છેલ્લા પાંચ વર્ષથી સતત બેસ્ટ એડવાઇઝરી કંપનીનો દબદબો ભોગવતી આવી છે. ત્યારે આ બહુમાનના મુલ્યને ઓછું આંકી ના શકાય.

આ એવોર્ડ મેળવવા માટે કોણ હકદાર બને છે ?

જે નાણાંકીય સલાહકારને એમ્ફી દ્વારા માન્યતા મળેલી છે અને જે સલાહકારના સૌથી વધારે ઇન્વેસ્ટરર્સ બજારમાં આવતા તેજી અને મંદીના ચક્રથી પ્રભાવિત થયા વિના પોતે એસઆઇપી દ્વારા મ્યુચ્યલ ફંડમાં કરેલું લાંબાગાળાનું રોકાણ સ્થિર રાખી શકે છે એ સલાહકાર આ બહુમાન મેળવવાને લાયક છે.

આ માટે સલાહકારમાં નીચે મુજબની લાયકાત અને આવડત હોવા જરુરી છે.

એમ્ફી દ્વારા માન્યતા

બજારની પરિસ્થિતિનું અવલોકન કરવા માટે તીવ્ર નિરિક્ષણ શક્તિ

રોકાણકારની વ્યક્તિગત અને કૌટુંબિક જરુરીયાતનો ક્યાસ કાઢવો

રોકાણકારો સાથે સતત સંપર્ક

(અનુ.પાન.૨ પર)




**વિનંતી**

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: જ્હોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.